રજુ તારીખ : ૦૪.૦૪.૨૦૨૨
દાખલ તારીખ : ૦૪.૦૪.૨૦૨૨
નિકાલ તારીખ : ૦૩.૦૬.૨૦૨૨
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૦–૦૧–૩૦

**મે.બોડેલીના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**
**ફોજદારી મુકદ્દમા નંબર : ૧૩૦/૨૨**
**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિ રૂ દ ધ**

**આરોપી :** જગાભાઈ કંચનભાઈ નાયકા
રહે. ચાચક, માલણ ફળીયા,
તા. બોડેલી, જી. છોટાઉદેપુર

ફરીયાદ પક્ષ તરફે વિ.એપીપીશ્રી, વાય. આર. દરજી
આરોપી તરફે વિ.વકીલશ્રી, એમ. કે. રાઠવા

**ગુનો : ધી પ્રોહી એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ**

**: ચુ કા દો :**

(૧) ફરીયાદની હકીકત ટુંકમા એવી છે કે, આરોપીએ તા. ૦૨/૦૩/૨૦૨૨ ના રોજ કલાક ૧૮ : ૪૫ વાગે બોડેલી તાલુકાના ચાચક ગામે પોતાના કબજા ભોગવટાના મકાનમા દેશી દારૂ લીટર–૪ કિંમત રૂા.૮૦/– નો રાખી રેડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુનો કરેલ હોવા બાબતે ફરીયાદી હિતેન્દ્રસિંહ રણજીતસિંહ એ બોડેલી પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા, તે પોલીસ સ્ટેશન અમલદારે બોડેલી પોલીસ સ્ટેશન પ્રોહી સી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૪૦૦૧ ૨૨૦૩૫૬/૨૦૨૨ થી ધી પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો નોંધી, આગળની તપાસ તપાસ કરનાર અમલદારને સોપતા, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીને અટક કરી, આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતા, આરોપીને સમન્સ કરવામાં આવેલો છે, જે સમન્સ બજી જતા, આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. આરોપી હાજર થતા, તેઓને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ અત્રેની કોર્ટે આરોપીને ફરીયાદ પક્ષના કેસની વિગતો સાથે આંક–૪ થી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી ગુન્હાના આક્ષેપો આરોપીને વાંચી સંભળાવી–સમજાવતાં, આરોપીએ તેમની સામે ફરીયાદ પક્ષે લગાવેલ સદરહું ગુન્હાના આક્ષેપોનો ઈન્કાર કરી, કેસની ટ્રાયલ આગળ ચલાવવા અંગેનું નિવેદન આંક–૫ થી આ અદાલત રૂબરૂ આપતા, ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

**: મૌખિક પુરાવો :**

- **આંક–૦૬** પંચ સાહેદ અંકેશભાઈ નારણભાઈ તડવી ની જુબાની
- **આંક–૦૮** પંચ સાહેદ મહેન્દ્રભાઈ બાબુભાઈ તડવી ની જુબાની
- **આંક–૧૧** ફરીયાદી હિતેન્દ્રસિંહ રણજીતસિંહ ની જુબાની

**: દસ્તાવેજી પુરાવો :**

- **આંક–૦૭** પંચનામુ
- **આંક–૧૨** ફરીયાદ

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય, નોંધવામાં આવેલ નથી.

(૬) સરકાર પક્ષે વિ.એપીપીશ્રી, વાય. આર. દરજી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી, એમ. કે. રાઠવા ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## : મુ દ્દા ઓ :

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૦૨/૦૩/૨૦૨૨ ના રોજ કલાક ૧૮ : ૪૫ વાગે બોડેલી તાલુકાના ચાચક ગામે પોતાના કબજા ભોગવટાના મકાનમા દેશી દારૂ લીટર–૪ કિંમત રૂા.૮૦/– નો રાખી રેડ દરમ્યાન હાજર નહી મળી આવી, ધી પ્રોહી એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

## : કા ર ણો :

**મુદ્દા નંબર – ૧**

(૯) આ કામે ફરીયાદ પક્ષે મુદામાલ રીકવરી પંચનામાના પંચ સાહેદ અંકેશભાઈ નારણભાઈ તડવી ને આંક–૬ થી તથા પંચ સાહેદ મહેન્દ્રભાઈ બાબુભાઈ તડવી ને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. સદર પંચ સાહેદ અંકેશભાઈ નારણભાઈ તડવી તેમની સરતપાસમા આંક–૭ થી રજુ પંચનામામા પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સરતપાસમા તેઓએ જણાવ્યુ છે કે, પંચનામા વિશે હુ કઈ જાણતો નથી. પોલીસે ફકત મારી સહી કરાવેલી. પંચ સાહેદ મહેન્દ્રભાઈ બાબુભાઈ તડવી આંક–૭ થી રજુ પંચનામામા પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સરતપાસમા તેઓએ જણાવ્યુ છે કે,પંચનામા વિશે હુ કંઈ જાણતો નથી. પોલીસે ફકત મારી સહી કરાવેલી. સદર પંચ બન્ને સાહેદો અંકેશભાઈ નારણભાઈ તડવી તથા પંચ સાહેદ મહેન્દ્રભાઈ બાબુભાઈ તડવી તેઓની સહી ઓળખી બતાવે છે, તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. બન્ને પંચ સાહેદોને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરી વિ. એપીપીશ્રી ધ્વારા તેઓની કોર્ટની પરવાનગીથી ઉલટ તપાસ કરવામા આવેલી છે પરંતુ ઉલટત તપાસમા પણ કોઈ સમર્થન કારી પુરાવો ફરીયાદ પક્ષ કઢાવી શકેલો નથી.

**(૧૦)** ફરીયાદ પક્ષે ફરીયાદી હિતેન્દ્રસિંહ રણજીતસિંહ ને આંક–૧૧ થી તપાસેલા છે. ફરીયાદીએ સરતપાસમા જણાવ્યુ છે કે, તા. ૦૨/૦૩/૨૦૨૨ ના રોજ હુ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે ટાઉન બીટમા બીટમાં પેટ્રોલીંગમા હતા ત્યારે બાતમી મળેલી કે, ચાચક ગામે રહેતા જગાભાઈ કંચનભાઈ દેશી દારૂ રાખી તેનુ વેચાણ કરે છે. જેથી બે પંચોના માણસને બોલાવી તેઓને સાથે રાખી બાતમી વાળી જગ્યારે રેડ કરતા આરોપી હાજર મળી આવેલ નહી. તેઓના ઘરમા તપાસ કરતા દેશી દારૂ લીટર–૪ કિંમત રૂા. ૮૦/– મળી આવેલો. આ બાબતનુ પંચનામુ એ.એસ.આઈ નરસિંહભાઈ સુનજીભાઈ ના રૂબરૂ પણામા કરેલુ. બનાવ અંગે મે ફરીયાદ આપેલી. ફરીયાદીએ આંક–૧૨ થી રજુ ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવેલી છે. ફરીયાદીએ આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

ફરીયાદીની આરોપી પક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં ફરીયાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ફરીયાદમા પંચોના નામ લખાવેલા નથી. એ વાત ખરી છે કે, પંચોને કોણે બોલાવેલા તે જણાવેલુ નથી. એ વાત ખરી નથી કે, ઉપલા અધિકારીના કહેવાથી મે ખોટી ફરીયાદ આપેલી છે.

**(૧૧)** આ કામે ફરીયાદમાં ફરીયાદીએ જણાવ્યુ છે કે, બનાવના દિવસે આરોપીના કબજા ભોગવટા માંથી ફરીયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો અને તે અંગેનુ પંચનામુ પંચો રૂબરૂ કરવામા આવેલુ. ફરીયાદીએ સરતપાસમા ફરીયાદની હકીકતોને સમર્થન આપેલુ છે અને જણાવ્યુ છે કે, બનાવના દિવસે આરોપીના કબજા ભોગવટા માંથી ફરીયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો જે પંચો રૂબરૂ કબજે કરવામા આવેલો. ફરીયાદ પક્ષે મુદ્દામાલ જે પંચ સાહેદોની હાજરીમા કરવામા આવેલો છે, તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે પરંતુ બન્ને પંચ સાહેદો પૈકી કોઈ પણ પંચ સાહેદે તેઓની હાજરીમા આરોપી પાસેથી ફરીયાદમા જણાવેલ મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોય, તેવી હકીકતને સમર્થન આપેલ નથી. ફરીયાદની હકીકતો વંચાણે લેતાં, પંચોને સાથે રાખીને આરોપીને ઘરે રેડ કરવામા આવેલી છે. આમ, ફરીયાદ કરતા અગાઉ પંચો હાજર હોવા છતાં, ફરીયાદમા પંચોના નામ જણાવેલા નથી જે ફરીયાદીની ફરીયાદ અંગે શંકા ઉપજાવે છે. પંચ સાહેદોએ પંચનામાની વિગતોએ સમર્થન આપેલુ નથી. તપાસ કરનાર અમલદાર ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લેવામા આવેલા નથી. આમ, બનાવ સમયે આરોપીના

કબજા ભોગવટા માંથી ફરીયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો હોય, તે હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલો નથી. તપાસ કરનાર અમલદાર ધ્વારા જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલો છે તેની માલીકી અંગેના કોઈ પુરાવા પણ મેળવવામા આવેલા નથી.

**(૧૨)** આરોપી સામે ના આક્ષેપો ની:શંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષ ઉપર રહેલી છે પરંતુ તેમ કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ જતો હોય, હું મુદ્દા નં. ૧ નો જવાબ નકારમા આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**: હુ ક મ :**

(૧) આ કામનાં આરાપી જગાભાઈ કંચનભાઈ નાયકા રહે. ચાચક, માલણ ફળીયા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર વાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ઉપલી અદાલતમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં અપીલમાં હાજર રહેવા અંગેના રૂા.૫,૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

આ હુકમ આજ તારીખ **૦૩ જી** માહે **જુન** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૩/૦૬/૨૦૨૨
બોડેલી

**(ભદ્રેશકુમાર ગોવિંદભાઈ પટેલ )**
**કોડ નં.જીજે ૦૬૫૮**
**એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ,**
**બોડેલી**